# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

ગ્રામવિદ્યા શાખા

એફ.વાય.બી.આર.એસ.

વિષય : પ્રાચીન ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ

## (HISTORY OF INDIAN CULTURE)

---

૧. પ્રસ્તાવના :

ભારતના સાંસ્કૃતિક ગૌરવ અને વારસાના તાણાને આજના દેશ કાળના સંદર્ભમાં આત્મસાત કરી વિદ્યાર્થી આજનો અને આવતી કાલનો બુદ્ધિનિષ્ઠ, ભાવનાશીલ અને સહિષ્ણું વિનયી નાગરિક અને ભારતીય સંસ્કૃતિના ઉત્તમ વારસાની ખેવના કરતો થાય તેની સંવર્ધના માટે પહેલ કરવા તરફ અભિમુખ થાય તેમજ ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાની ભાવનાને પુષ્ટિ આપતો થાય એવી ભાવના આ વિષયના શિક્ષણ પાછળ અભિપ્રેત છે.

૨. હેતુઓ :

(૧) ચારિત્ર્ય ઘડતરનો અને નૈતિક મૂલ્યોની ખીલવણી કરે.
(૨) ઐતિહાસિક વીર અને ધીર પુરૂષોના જીવનમાંથી પ્રેરણા–પ્રકાશ પ્રાપ્ત કરે.
(૩) વિદ્યાર્થી દેશના તેમજ માનવ સમાજના સંસ્કાર વારસાથી પરિચિત થાય.
(૪) સર્વધર્મ પ્રત્યે સહિષ્ણુતા કેળવે.
(૫) ઈતિહાસના અભ્યાસથી ભૂતકાળના બનાવોમાંથી પ્રેરણા લઈ સમજ કેળવી ભવિષ્યના યોગ્ય નિર્માણની સુઝ કેળવે.
(૬) વર્તમાનના અનુસંધાનમાં ભૂતકાળનો સંબંધ સ્પષ્ટ કરી ભવિષ્ય માટે દિશા સૂચન કરવાની ક્ષમતા ઈતિહાસ શિક્ષણથી મેળવે.
(૭) જાહેર મિલકત તેમજ રાષ્ટ્રીય સંપતિનું જતન કરવાની ભાવના વિકસે.
(૮) ભૌગોલિક પરિસ્થિતી અને ઐતિહાસિક બનાવો, સાધન અને સિદ્ધિ, વર્તમાન સમય અને ભૂતકાળ વિગેરે વચ્ચેના સબંધોને સમજવાની,સ્થાપવાની શકિત ખીલવે.
(૯) વિદ્યાર્થીમાં સમયજ્ઞાન અને કાળક્રમની સમજ કેળવાય.
(૧૦) વિશ્વના અન્ય રાષ્ટ્રો અને પ્રજાઓની ભારતના લોકજીવનમાં ઘડતરમાં થયેલી અસર સમજવી અને ભારતે વિશ્વ સંસ્કૃતિના ઘડતરમાં આપેલ ફાળાનું જ્ઞાન કરાવવું.
(૧૧) ઐતિહાસિક હકીકતોના સત્વોની ચકાસણી કરવાની વૃત્તિ જનમે.
(૧૨) આંતરરાષ્ટ્રીય સમાજ,વિશ્વબંધુત્વની ભાવના અને વિશ્વશાંતિની ચાહના પ્રગટે.
(૧૩) વિશ્વના ઐતિહાસિક વારસાથી પરિચિત થાય.
(૧૪) વિદ્યાર્થીમાં રાષ્ટ્રીયતાની ભાવનામાં વિશેષ વધારો થાય.

૩. માળખું :

| અઠવાડિક વર્ગો | આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગણ | વર્ષાન્ત પરીક્ષાનો સમય |
|---|---|---|---|---|
| ૪ | ૩૦ | ૭૦ | ૧૦૦ | ૩ કલાક |

૪. અભ્યાસક્રમ :

એકમ – ૧

❖ સંસ્કૃતિ :

સંસ્કૃતિ એટલે શું ? સંસ્કૃતિની વ્યાખ્યા, સંસ્કારિતાની ભારતીય કલ્પના,ધર્મમાં સંસ્કૃતિ શબ્દ અભિપ્રેત, ભારતીય સંસ્કૃતિ અને તેના ચડતી પડતીના તબકકાઓ.

❖ પ્રાચીનકાળ :

ભારતની ભૌગોલિક પરિસ્થિતિનો ઈતિહાસ,સંસ્કૃતિ ઉપર અસર, વિવિધતામાં એકતા નિહાળવાની વૃત્તિ, ભારતની સંસ્કૃતિની અદભૂત પાચનશકિત.

❖ ભારતીય સમાજની રચના, ભાષા, વિજ્ઞાન અને માનવવંશ વગેરે.

દ્રાવિડ, આગ્નેય – ઓષ્ટિક, મોંગોલ વગેરે આર્યેત્તર લોકોનો સંસ્કૃતિની રચનામાં ફાળો, પોષણ કાલીન ભારત, પ્રારંભની ગ્રામીણ સંસ્કૃતિ,સિંધુ સંસ્કૃતિ, સમાજજીવન, વિશેષતાઓ અને વિનાશનાં કારણો.

એકમ –૨

❖ વેદકાલીન સંસ્કૃતિ

સમાજ જીવન, ધાર્મિક જીવન, આર્થિક જીવન, વૈદિક સાહિત્ય,ચારવેદ, ભારતીય સંસ્કૃતિની ભેટ.

❖ વેદકાલીન સાહિત્ય

રામાયણ અને મહાભારત : મહાકાવ્યના કાળની જીવનરચના અને સામાજિક મૂલ્યો, મહાભારતનું યુદ્ધ, ભારતની સાંસ્કૃતિક એકતા ઊભી કરવામાં અને લોકોને સંસ્કારવામાં મહાકાવ્યોનો ફાળો, હિન્દુ સમાજ ઉપર બે મહાકાવ્યોની અસર.

એકમ – ૩

❖ હિન્દુ સમાજ પર ભકિત આંદોલનની અસર, મોગલોની ધાર્મિક નીતિ.

❖ ૧૯ મી સદી દરમ્યાન ભારતમાં સામાજિક – ધાર્મિક સુધારાની ચળવળો, ભારતમાં સામાજિક સુધારામાં ગાંધીજીનું પ્રદાન.

❖ મહાન અશોક :

ધર્મ વિજય અને ધર્મચક્ર પ્રવર્તન, અશોકનો ફાળો,અશોકનું જીવન, બૌદ્ધધર્મની અસર, અશોકના સંતાનોનો ફાળો.

❖ મૌર્યયુગ :

સર્વક્ષેત્રે અનુપમ સિદ્ધિ, પૌરાણિક હિન્દુધર્મની જાગૃતિ,ભાગવત ધર્મ, હુણોના ધાડા, ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત, વિક્રમાદિત્યનો પરિચય.

❖ ગ્રીક સમ્રાટ મિનિન્દર :

જીવનકાર્ય, બૌધધર્મનો ફેલાવો, શૂરવીર સેનાપતિ.

એકમ – ૪

❖ ભારતનો સુવર્ણ યુગ / ગુપ્ત યુગ :

બૌદ્ધધર્મનો સામનો, સમ્રાટો, શૂન્યની શોધ, ગણિત–વિજ્ઞાનની પ્રગતિ, સાહિત્ય રચનાની પ્રગતિ, વિજ્ઞાનનો વિકાસ, ગુપ્તવંશના રાજાઓનો ફાળો, ભારતનો સમગ્ર કાર્યમાં વિકાસ.

❖ મહાન હર્ષવર્ધન :

જીવન, વ્યકિતત્વ, બૌદ્ધધર્મમાં ફાળો, મહાન રાજવી.

એકમ – ૫

❖ પ્રાચીન ભારત અને બૃહદ ભારત :

બહારની દુનિયા સાથેનો સંપર્ક– બાલી, જાવા, સુમાત્રા, મલાયા અને સુવર્ણ દ્વીપમાં પ્રવેશ, અગ્નિ એશિયામાં ભારતીય સંસ્કૃતિનો ફેલાવો.

❖ દક્ષિણ ભારત :

લોકો , ભાષા, સંસ્કૃતિ દક્ષિણમાં આર્યોના સંસ્કારોનું અવતરણ, દક્ષિણની સંસ્કૃતિની વિશેષતાઓ, પલ્લવો અને ચૌલ પ્રજાનું ભારતીય સંસ્કૃતિમાં પ્રદાન.

❖ પ્રાચીન ભારતીય શિક્ષણ કેન્દ્રો :

મુખ્ય વિદ્યા કેન્દ્રો, હિન્દુ મહાવિદ્યાલયો, શિક્ષણ સંસ્થાઓ, સમાજ અને રાજય ઉપર શિક્ષણ સંસ્થાઓની અસર, શિક્ષણનું મૂલ્ય.

૫. <u>શિક્ષણ પદ્ધતિ</u> :

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વાધ્યાય | ૪. | પ્રદર્શન |
| ૨. | મુલાકાત | ૫. | પ્રવાસ |
| ૩. | વ્યાખ્યાનમાળા | ૬. | ફિલ્મ શો |

૬. <u>મુલ્યાંકન પદ્ધતિઓ</u> :

૧. પ્રશ્નાવલી
૨. પરીક્ષા પ્રવિધિ
૩. સ્વાધ્યાય

૭. <u>સહ અભ્યાસ પ્રવૃત્તિઓ</u> :

| | | | |
|---|---|---|---|
| ૧. | ઐતિહાસિક સ્થળની મુલાકાત | ૬. | પુસ્તક પ્રદર્શન |
| ૨. | પ્રવાસ | ૭. | વિષય નિષ્ણાત સાથે મુલાકાત |
| ૩. | પ્રદર્શન | ૮. | નકશા લેખન( યુગોના– સ્થળોના) |
| ૪. | સ્વાધ્યાય | ૯. | ઉત્સવ– તહેવાર સાથે અનુબંધ–ઉજવણી |
| ૫. | ચર્ચાસભા | | |

૮. <u>સંદર્ભ ગ્રંથો</u> :


| | | | |
|---|---|---|---|
| ૧. | ભારતીય સંસ્કૃતિની ઝલક | – થોમસ પરમાર | – ગુ.યુનિ.પ્રકાશન,અમદાવાદ |
| ૨. | પ્રાચીન ભારતનો ઈતિહાસ | – ડૉ.ધારેયા,કાજી, ભટ્ટ અને જાની | – સી. જમનાદાસની કંપની, અમદાવાદ |
| ૩. | સંસ્કૃતિ | –અનુ.પ્રા.રામચંદ્રન આઠવલે | – ગુ.યુનિ.પ્રકાશન,અમદાવાદ |
| ૪. | આપણો વારસો અને વૈભવ | – શ્રી મનુભાઈ પંચોળી | – લોકભારતી, સણોસરા |
| ૫. | મારું હિન્દનું દર્શન | – શ્રી જવાહરલાલ નહેરૂ | – નવજીવન પ્રકાશન,અમદાવાદ |
| ૬. | પ્રાચીન ભારત ભાગ–૧, ૨ | – ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી | – ગુ.યુનિ.પ્રકાશન, અમદાવાદ |
| ૭. | ગુપ્તકાલીન ભારત | – આર.સી. મજમુદાર | – યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ. |
| ૮. | ભારતીય ધર્મો | | – યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. |
| ૯. | ભારતીય સંસ્કૃતિની તાત્વિક ભૂમિકા | | – યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. |
| ૧૦. | સાંસ્કૃતિક ચાર અધ્યાય | –રામધારીસિંહ દિનકર | |
| ૧૧. | પ્રાચીન ભારત કા ઈતિહાસ –૧ , ૨ | – સત્યકેતુ વિદ્યાલંકાર | |
| ૧૨. | પડોશી દેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર | – શાસ્ત્રી | |
| ૧૩. | જ્ઞાન ગંગોત્રી ગ્રંથ ક્ષેણી ભારત દર્શન – ૧ ઈતિહાસ – સ્વાદી યુગ પેટા વોલ્યુમ–૨૨ | – સંપાદક પરીખ | |
| ૧૪. | ભારતીય ઈતિહાસની રૂપરેખા ભાગ– ૧ થી ૪ | – પ્રાગમલ રાઠોડ | |
| ૧૫. | ગુપ્ત સામ્રાજય (હિન્દી) | – ગુપ્ત ધર્મેશ્વરીલાલ | |
| ૧૬. | પ્રાચીન ભારત | – રાધાકુમાર મુકરજી | |
| ૧૭. | સિંધુ સામ્યતા | – કાલા સતીષચંદ્ર | |